—:: ગુજરાત પોલીસ અધિનિયમ—૧૯૫૧ નાં ૨૨ માં અધિનિયમની કલમ—૩૩(૧)(ખ)(ભ),૧૧૩ અન્વયે હુકમ ::—

નં.જે/એમએજી/મકરસંક્રાંતી/જા.નામુ/જાન્યુ./૨૨

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
રાજકોટ.
તા.૦૩/૦૧/૨૦૨૨.

આગામી તા.૧૪/૦૧/૨૦૨૨નાં રોજ મકરસંક્રાંતીનો તહેવાર આવતો હોય રાજકોટ ગ્રામ્ય જીલ્લાનાં સમગ્ર વિસ્તારમાં આ તહેવાર નિમિતે કેટલાક લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે અને કપાયેલ પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા—દોડી કરતા હોય છે, જેના કારણે ટ્રાફીકને અડચણ થાય છે તેમજ રસ્તા ઉપર, ગલીઓમાં શેરીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર લંગર નાંખી ભેરવાયેલા પતંગ કાઢવાનો પ્રયત્નો કરે તેથી બે ઈલેકટ્રીકના વાયરો ભેગા થવાથી શોટ—સર્કીટના તથા તાર તુટી જવાની સંભાવના રહેલી છે. તેમજ પતંગ ઉડાડવા માટે ઘણા લોકો ચાઈનીઝ દોરાથી પતંગ ઉડાડતા હોય છે. ચાઈનીઝ દોરો કોઈ વ્યકિતના શરીર પર પડે ત્યારે તે વ્યકિતના શરીરના અંગો કપાઈ જવાનો ભય રહે છે તેમજ પતંગ ઉડાડવાના દોરાના કારણે પક્ષીઓને ઈજા તથા તેના મોતના બનાવો પણ બને છે.

ઉપરાંત સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૩૧/૧૨/૧૯ના પત્ર નં.વિ—૨/ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા.) અનુસાર તથા તાજેતરમાં છેલ્લા કેટલાક સમયના અનુભવ પરથી જણાયેલ છે કે ઉતરાણ/અન્ય તહેવારો વખતે ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્ન ખુબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુકકલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે તેમજ સળગતી તુકકલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે. આથી આવી બાબત નીવારવા તેમજ નામદાર હાઈકોર્ટના તા.૨૨/૧૨/૧૫નાં આદેશ મુજબ અત્રેના તાબા હેઠળના વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૫/૦૧/૨૦૨૨ સુધી ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર હંગામી પ્રતિબંધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ—૩૩(૧)(ખ)(ભ), ૧૧૩ થી મળેલ સતા હેઠળ પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડવું અને નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ, ગુજરાત પોલીસ અધિનિયમ—૧૯૫૧ ની કલમ—૩૩(૧) અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

—:: પ્રતિબંધિત કૃત્યો અને મુદત ::—

તા.૦૪/૦૧/૨૦૨૨ના કલાક ૦૦:૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૨ કલાક ૨૪:૦૦ વાગ્યા સુધી.

(૧) કોઈપણ વ્યકિતઓએ જાહેર રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવા ઉપર.

(૨) હાથમાં લાંબા ઝંડા, વાંસની બાંબુઓ, વાંસની પટ્ટીઓ, ધાતુનાં તારનાં લંગર કે વાંસ વિગેરે લઈ કપાયેલા પતંગો તથા દોરા મેળવવા જાહેર રસ્તાઓ પર અથવા જગ્યાઓમાં દોડા—દોડી કરવા ઉપર.

(૩) ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લંગર (દોરી) નાંખવા ઉપર.

(૪) જાનનું જોખમ થાય તે રીતે જાહેર રસ્તા પર કે ભયજનક ધાબા પર ચડીને પતંગ ઉડાડવા ઉપર.

(૫) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

(૬) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૭) પ્લાસ્ટીક / સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન—બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાનાં જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ તેમજ આવા દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર.

(૮) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્નના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ ઉપર/ઉડાડવા ઉપર.

:: **વિસ્તાર** ::-

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયનો સમગ્ર રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તાર.

:: **સ્પષ્ટીકરણ** ::-

રસ્તામાં ફુટપાથનો પણ સમાવેશ થાય છે.

:: **શિક્ષા** ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા જી.પી.એકટની કલમ-૧૩૧ અને કલમ-૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા. ૦૩ -જાન્યુઆરી-૨૦૨૨ નાં રોજ મારી સહી-સીકકા કરી આપેલ છે.

(એન. આર. ધાધલ)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જીલ્લા

**નકલ જયભારત સાથ રવાના :**

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ફેકસ નં.૦૭૯ ૨૩૨૫૨૦૭૫)
૨. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરિક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.
૪. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
૫. પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.
૬.પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.(૧૦ નકલ)
(આ હુકમની જાહેરાત લાઉડ સ્પીકર ધ્વારા કરીને આ હુકમથી અસર પામતા વિસ્તારોમાં જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા અને તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા સારૂ.)
૭. નિયામકશ્રી, માહિતિ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૮. જીલ્લા સરકારી વકીલશ્રી, રાજકોટ.
૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
(ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો મોકલવાની વિનંતી સાથે.)
૧૦. રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
૧૧. નામ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૧૨. નામ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જસદણ / પડધરી.
૧૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૧/રાજકોટ શહેર-૨/ રાજકોટ ગ્રામ્ય / જસદણ / ગોંડલ / ધોરાજી
૧૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોંડલ / જેતપુર
૧૫. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ પુર્વ / રાજકોટ પશ્ચિમ / રાજકોટ દક્ષિણ / રાજકોટ તાલુકા / જસદણ / વીછીયા / લોધીકા / કોટડાસાંગાણી / ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જામકંડોરણા / પડધરી.
૧૬. પોલીસ ઈન્સ્પેકટરશ્રી ......................(તમામ) (પોલીસ અધિક્ષકશ્રી ,રાજકોટ ગ્રામ્ય મારફત)
પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.
૧૭. સંયુકત માહિતિ નિયામકશ્રી, રાજકોટ.
સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, રાજકોટ રેલવે જંકશન પોલીસ સ્ટેશન, રાજકોટ.
૧૯.શાખાધ્યક્ષશ્રી, રજીસ્ટ્રી શાખા, કચેરીમાં
ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક જયુડીશીયલ શાખામાં પહોચતી કરવા સારૂ.
૨૦.પી.એ ટુ જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચેરીમાં............સદરહુ જાહેરનામુ માન.જીલ્લા મેજી.સા.ના વંચાણે મુકવા સારૂ.
૨૧.મુખ્ય ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., નાનામવા રોડ, લક્ષ્મીનગર, રાજકોટ.
૨૨.અધિક્ષક ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ શહેર વર્તુળ, ઢેબર રોડ, રાજકોટ.
૨૩.અધિક્ષક ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ ગ્રામ્ય વર્તુળ, નાનામવા રોડ, લક્ષ્મીનગર, રાજકોટ.